International Journal of Research in all Subjects in Multi Languages
[Author: Vanitaben Savesinh Baberiya] [Subject: Sanskrit]
Vol. 3, Issue: 1, January: 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# સંસ્કૃત સાહિત્યમાં શૃંગારપ્રધાન ઊર્મિકાવ્યો : એક અભ્યાસ

વનિતાબેન સવેસિંહ બબેરિયા
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, થરાદ

## 1. પ્રસ્તાવના

અંગ્રેજી સાહિત્યમાં જેને લિરિક (Lyric) કહે છે તે પ્રકારનું સાહિત્ય સંસ્કૃતમાં પુષ્કળ પ્રમાણમાં છે. છેક ઋગ્વેદ કાળથી ઊર્મિકાવ્ય કે ભાવકાવ્યના સ્વરૂપનું સર્જન સંસ્કૃત ભાષામાં થતું આવ્યું છે. બલકે ભાવપ્રધાન કવિતાથીજ સંસ્કૃત સાહિત્યની શરૂઆત થાય છે અને ભાવપ્રધાન કાવ્ય કે લિરિકને એના વિશાળ સ્વરૂપમાં જોઈએ તો સંસ્કૃતમાં લિરિકના લગભગ સર્વ પ્રકારો ખેડયા છે. આમ તો સર્વ પ્રકારની કવિતા-માત્રમાં 'લાગણી'નો સંદર્ભ કે ઉર્મિતત્વ હોય છે, પણ ઊર્મિકાવ્ય કે ઊર્મિક -માં આ લાગણી સંદર્ભ વિશેષ બળવાન હોય છે. "કવિતા વિશેના પંદર –સોળમા સૈકાથી માંડીને આજ સુધીના વિવરણો, વર્ણનો અને વ્યાખ્યાવાક્યોમાં લાગણી, ઊર્મિ, ભાવ, હૃદયપ્રવૃતિ અને સ્થિતિ, ઉરનાં આંદોલનો અને વિકારો, ક્ષોભ, જુસ્સો અને રુચિગ્રાહ (Sentiment), શ્રોતા અને વાંચનારના હૈયા ઉપર અસર એ વિશિષ્ટતાઓ વત્તિ-ઓછી આવ્યા જ કરે છે પણ એમાનાં કેટલાંક કાવ્યો જ ઊર્મિપ્રધાન હોય છે.

બીજા શબ્દોમાં કહીએ તો કવિ જ્યારે ઊર્મિઓ દ્વારા આલેખન કરે ને એ હૃદયંગમ બને ત્યારે સર્વસામાન્ય કાવ્ય બને છે, પણ એ જો કોઈ ખાસ ભાવ કે ઊર્મિના પ્રબળ આવેગને જ કાવ્યના કેન્દ્રમાં રાખે ત્યારે ઊર્મિપ્રધાન કાવ્ય સર્જાય.

પ્રો. બ.ક. ઠાકોરે આપેલી ઊર્મિકાવ્યની વ્યાખ્યા અને તેની પેટા જાતિઓનું વર્ણન પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં અસ્તિત્વ ધરાવતા ઊર્મિકાવ્યને યોગ્ય રીતે વર્ણવે છે. એટલુંજ નહીં 'પ્રજાની કે જનતાની ગણાય' એવી પ્રણયની, શોકની, ભક્તિની ઊર્મિઓનું 'ઘણાને પલાળે એવું'. ચડિયાતું આલેખન કરતાં ઊર્મિકાવ્યોની સંસ્કૃત ભાષામાં જૂની તેટલીજ બળવાન પરંપરા છે. આમાં પણ વિરહોર્મિ અને વૈરાગ્યનાં ઊર્મિકાવ્યો અને મુક્તકોનું ઘણું સમૃદ્ધ સાહિત્ય સંસ્કૃતમાં મોજુદ છે.

માનવીની પ્રેમોર્મિને રાગોત્કટ અભિવ્યક્તિ આપતાં કાવ્યો સૌ પ્રથમ ઋગ્વેદનાં સંવાદ સૂકતોમાં જોવા મળે છે. આમાનું પહેલું સૂક્ત (ઋ૦.૧૦.૯૫) એ કાવ્ય પુરુરવા અને અપ્સરા ઉર્વશીના પ્રણયનું સંવાદમય કાવ્ય છે. બ્રાહ્મણસાહિત્ય અને બૌધ્ધસાહિત્યમાં પ્રણયોર્મિકાવ્યો દુર્લભ છે. અશ્વઘોષના 'સૌંદરનન્દમાં' 'નન્દસુન્દરી'નાં અપૂર્વ પ્રણયભાવનું આલેખન તો છે જ પણ 'સુંદરીરુદન' નું દ્રશ્ય વીરહોર્મિની કરૂણ કથની જ આલેખે છે, કે બીજું કંઈ ? પ્રણયનો આ ભાવ અશ્વઘોષ પછીના સમયમાં પ્રાકૃત કવિતામાં પણ મનભર ગવાયો છે. આ પ્રાકૃત પ્રણય કાવ્યો લોકકાવ્યની પરંપરાને વધારે વફાદાર છે. તથાપિ એમાનું આલેખન પરિમાર્જિત શૈલીમાં જ થયું છે. એમાંથી ઘણાં કાળના ગર્ભમાં વિલિન થઈ ગયાં છે.

**(૧) ઋતુસંહાર**

સંસ્કૃત સાહિત્યનાં બે સર્વોતમ મહાકાવ્યો જેમણે આપ્યા છે તે મહાકવિ કાલિદાસે જ બે ઉત્તમ ઊર્મિકાવ્યો પણ આપ્યા છે. (૧) 'ઋતુસંહાર' અને (૨) 'મેઘદૂત'. આ ઊર્મિકાવ્યો આપીને કાલિદાસે એ સિદ્ધ કરી આપ્યું છે કે મહાકાવ્યો તથા નાટકો લખવામાં તેઓ જેવા કુશળ હતા તેવાજ ભાવપ્રધાન ઊર્મિકાવ્યો રચવામાં ય પ્રવીણ હતા.

'ઋતુસંહાર' એ ભારતીય વર્ષની છ ઋતુઓ- ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર અને વસંતનું મનોહર વર્ણન કરતું વિશિષ્ટ પ્રકારનું ઊર્મિકાવ્ય છે. આ કાવ્યમાં કવિ સ્ત્રી અને પુરુષનાં મન પર પ્રકૃતિની વિવિધ સુંદરતાઓની અસર થાય છે તેનું ઘણી ખૂબીથી નિરૂપણ કરે છે.

**व्रजतु तव निदाधः कामिनीभिः समेतो ।**
**निशि सुललितगीते हर्म्यपृष्ठे सुखेन ।। (ऋ० १.२८ )**

"રાતે સુંદર સંગીત વાગતું હોય તેવી મકાનોની અગાશી માં, સુંદર સ્ત્રીઓની સોબતમાં તમારો ઉનાળો સુખપૂર્વક પસાર થાઓ.

(૨) મેઘદૂત

'ઋતુસંહાર' ની સરખામણીએ 'મેઘદૂત' એ મહાકવિ કાલિદાસની પરિણીત પ્રજ્ઞાનું સર્જન છે. અલકાનગરીના અધિપતિ કુબેર પોતાના સેવક એવા એક યક્ષને કર્તવ્યભ્રષ્ટ થવા માટે એક વર્ષનો દેશવટો દે છે. પોતાની પ્રિય પત્નીને અલકામાં છોડીને યક્ષ, ભર્તૃશાપ ભોગવવા, રામગિરિ નામના સ્થળે જાય છે. શાપની બાર માસની અવધિમાંથી યક્ષ જેમ તેમ આઠ માસ વ્યતીત કરે છે. ત્યાં વર્ષાઋતુ શરૂ થાય છે. વર્ષના આગમનથી યક્ષના વિરહ વ્યાકુળ હૈયામાં પોતાની પ્રાણવલ્લભા યક્ષિણીની સ્મૂતિઓ સહસા સળવળી ઊઠે છે. પોતાના વિરહમાં 'દહાડા ગણતી' પોતાના 'દ્વિતીય હૃદય જેવી' પ્રિયાને મેઘની મારફતે સંદેશો મોકલે છે.

**आशाबन्धः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानां**
**सद्यःपाति प्रणयिह्यदयं विप्रयोगे रुर्णाद्ध ।। (मेघ० १०)**

પ્રાયઃ કુસુમ જેવાં, પ્રેમભરપુર અને ગમે તે ક્ષણે તૂટી પડે તેવાં અંગનાઓનાં હૃદયોને વિયોગને વખતે આશાનો બંધ ટકાવી રાખે છે.

**(3) અમરુશતક**

શૃંગારનાં ઊર્મિમુક્તોનાં જે 'શતકો' સંસ્કૃત સાહિત્યમાં પ્રતિષ્ઠિત છે તેમાં અમરુકવિનું 'અમરુશતક' મોખરે છે. 'અમરુશતકે' સંસ્કૃત સાહિત્યમાં અમરુનું નામ અમર કરી દીધું છે. અમરુનાં કાવ્યો બે વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે. પહેલા વિભાગમાં 'સંભોગશૃગાર'નાં મુક્તકો આવે છે. અહીં પ્રણય વ્યવહારનાં વિવિધ પાસાનું નિખાલસ અને આબેહૂબ આલેખન કરવામાં આવ્યું છે. આમાંનાં કેટલાક ચિત્રો કોઈકને વધારે ખુલ્લા અને અતિરેક લાગે. બીજો વિભાગ છે 'વિપ્રલમ્ભશૃંગાર'નો. આ વિભાગના ચાર પેટા વિભાગો પાડી શકાય; 'આયોગ' કે જેમાં ઈચ્છાપૂર્તિ પહેલાનો પ્રેમ નિરૂપાયો હોય; 'પ્રણયમાન' કે જેમાં રિસામણાથી થતો વિયોગ વ્યક્ત થતો હોય; 'ઇર્ષ્યામાન' સામાન્ય રીસ કરતાં વધુ ગંભીર પ્રકારની રીસ – પ્રેમની બેવફાઈથી થતી રીસ થી ઉત્પન્ન થતો વિયોગ; અને છેલ્લે 'પ્રવાસવિપ્રલમ્ભ' જેમાં પ્રિયતમના પરદેશગમનથી થતો કે થવાનો વિયોગ અંકિત થયો હોય.

**(૪) ભતૃહરિનું શૃંગારશતક**

શતકો લખનાર કવિઓમાં ભતૃહરી સૌથી વધારે જાણીતા છે. એમણે ત્રણ શતકો રચ્યાં છે. 'નીતિશતક' 'શૃંગારશતક' તેમજ 'વૈરાગ્યશતક'

આ શતકના લલિત અને પ્રૌઢ શ્લોકો પરથી સ્ત્રીઓના વિવિધ પ્રકારે દશ્યમાન થતાં સૌંદર્યનો તેમજ પુરુષોનાં હ્રદયનું હરણ કરવાની તેમની કળાનો કવિને ઘણો સારો પરિચય હતો એમ જણાઈ આવે છે.

**सति प्रदीपे सत्यग्नौ सत्सु ताराबीन्दुषु ।**
**विना मे मृगशावाक्ष्या तमोभूतमिदं जतत ।।**

**(૫) જયદેવ કવિનું 'ગીતગોવિંદ'**

સંસ્કૃત ઊર્મિકાવ્યનાં છેલ્લા મહાન કવિ જયદેવ બારમાં શતકમાં થઈ ગયેલા બંગાળનાં રાજા લક્ષ્મણ સેનના સભાકવિ હતા. 'ગીતગોવિંદ' એ રાધાકૃષ્ણના પ્રેમનું કલાત્મક ગાન છે. એમાં બાર સર્ગો છે; ચોવીસ ગીતો કે પ્રબંધો કે અષ્ટપદીઓ છે.

**अमन्दं कन्दर्पज्वरनितचिन्ताकुलतयावलद बाधा राधा ।**

એ વ્યાકુળ ચિત્તે વૃંદાવન ની ફૂલોથી લચી પડતી કુંજોમાં કૃષ્ણને ઢૂંઢે છે. રાધાની સખી એને ઉદેશીને ફૂલોની ઋતુની તેજસ્વી સુંદરતા વર્ણવે છે.

વળી, કૃષ્ણ ઘણો જ બેવફા છે, પણ મારુ મન તો એને ઝંખે છે. આમ કેમ ? કૃષ્ણનું સ્વરૂપ, કૃષ્ણની મોહક રીતભાત આ બધાંની રાધાની એવી લગની લાગે છે કે એ પોતાની ઈર્ષ્યા ભૂલી જાય છે. હે સખિ, એને અહીં લઈ આવ ! કેમ કે મારે એની જોડે રાસ રમવો છે :

**सखि ! हे केशिमथनमुदारम !**
**रमय मया सह मदनमनोरथभावितया सविकारम ।।**

હે સખિ ! કેશિ નામના રાક્ષસને મારનાર, ઉદાર, પ્રણયોન્મત્ત કૃષ્ણને પ્રણયઘેલી એવી મારી સાથે રમવા માટે લઈ આવ.

**સંદર્ભસૂચિ**

1. ઉપાધ્યાય, અમૃત મ. પ્રશષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય